# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

અદાણીએ સચિવાલયને બાંધી છે રાખડી!
ધનિકો એ પોલીસભાઇને બાંધી છે રાખડી!
બાંધી છે રાખડી નેતાઓએ 'લોકપાલ'ને
ને ભાજપી બહેને સંઘને, બાંધી છે રાખડી!
(રક્ષા નાં બંધન)

## હાઇકુ

બંધાયા છે સૌ
હપ્તાની રાખડીથી -
વહીવટમાં...

ભાવ તાંતણે,
રક્ષા-સ્નેહનું, બ્હેના -
માગે વચન..

## ચિંતન

**ગુણ દોષૌ બુધો ગૃહણન્નિન્દુ ક્ષ્વેડા વિવેશ્વરઃ । શિરસા શ્લાઘતે પૂર્વ પરં કંઠે નિયચ્છતિ ॥**

'જેમ મહાદેવ ચંદ્ર અને ઝેર બંનેને ધારણ કરે છે તેમ બુદ્ધિમાન વિદ્વાનો પણ ગુણ અને દોષ બંનેનો સ્વીકાર કરે છે; પરંતુ જેમ મહાદેવ મસ્તકમાં ચંદ્રને સ્થાન આપીને તેને વખાણે છે અને ઝેરને કંઠમાં રાખીને છુપાવી રાખે છે તેમ વિદ્વાન માણસ ગુણને વખાણે છે અને દોષને ગુપ્ત રાખી ઢાંકી રાખે છે.'

સદ્ગુરૂ કે ઘરનું વડીલ પરિવારમાં બધી સારી બાબતોને જાહેર કરી કુટુંબના સભ્યોના સદ્ગુણની જાહેરાત કરી પ્રશંસા કરતા હોય પરંતુ પરિવારના સભ્યોની એબ-દોષ છુપાવી રાખે છે. જાહેર કરતા નથી.

વિદ્વાનો પણ બધી બાબત-ઘટના-વસ્તુઓનો ગુણ-દોષ જાણતા હોય છે જેનો સમય અનુસાર ઉપયોગ કરતા હોય છે.

વૈદ્ય જાણતા હોય છે કે આ પાંદડાંનો રસ પીવાથી 'ઉલ્ટી' થાય છે એ દોષ છે પણ કોઇને ઝેરી અસર થઇ હોય ત્યારે એ જ રસ આશીર્વાદ સમાન થઇ જાય છે.

અહીં ભગવાન શંકરના મસ્તકે રહેલ ચંદ્ર અને કંઠમાં રહેલ વિષની આ વાત સમજાવી છે.

## સુવિચાર

- દિપક ભલે નાનો હોય પણ પ્રણામનો અધિકારી બને છે, આગ ભલે મોટી હોય પણ ધિક્કારનો વિષય બને છે, સદ્ગુણ ભલે નાનો પણ વંદનીય બને છે, સદ્ગુણ વિનાની શક્તિ ધિક્કારનો વિષય બને છે **- પૂજ્ય મોટા**
- લાગણીની વાતોમાં બંધાઇ જતા સંબંધને ટકાવી રાખવા માટે ધીરજની મૂડી સૌથી વધુ અક્સીર પૂરવાર થાય છે **- હૃદય સૂત્ર**
- સત્સંગ વખતે અંતરમાં થતી સમજણને સત્સંગ પછીયે ટકાવી રાખવી એ સૌથી મોટો પડકાર છે **- એસ. ભટ્ટાચાર્ય**
- અંતે તો દેહની રાખ જ થઇ જવાની છે તો એ દેહ રાખ થાય તે પહેલાં સત્કાર્યોમાં જોડી દેવો એ જ ડહાપણનું કામ છે **- જન કલ્યાણ**
- લોકોને પાપ રોકડમાં અને ધર્મ સત્સંગ ઉધારમાં કરવો છે **- ઝેન કથન**
- દુઃખમાં રડતા રહેવું એ આર્તધ્યાન, દુઃખ આપનાર સામે લડતાં રહેવું એ રૌદ્રધ્યાન, દુઃખમાં હસતા રહેવું એ ધર્મસ્થાન **- માનસ સૂત્ર**
- હૃદયની કોમળતા, સ્વભાવની શીતળતા અને મનની સરળતા આ ત્રણ ગુણોના સ્વામી બની જાતો આત્મા અધ્યાત્મના માર્ગે સતત આગળ વધતો જાય છે **- શ્રી શ્રી રવિશંકર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

કોઇ સારું, નિઃસ્વાર્થ સેવાકાર્ય કરતા હોય કે કોઇ સારા કલાકાર, લેખક, વક્તા, ચિત્રકાર હોય એમને જો સાચા હૃદયના અભિનંદન કે પ્રશંસાના બે બોલ સાંભળવા મળે તો એનું શેર લોહી ચઢે અને પોતાના કાર્યમાં વિશેષ પ્રેરણા અને પ્રોત્સાહન સાથે ઉત્સાહ જાગે.

જીમ ડ્યુરાંટ અમેરિકાના સારા-પ્રખ્યાત હાસ્ય કલાકાર હતા. તે એકવાર અમેરિકાના, યુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકોના મનોરંજન માટે એક ટાપુ પર આવેલી હોસ્પિટલમાં ગયા, ત્યાં સવારે દસ વાગે ન્યૂયોર્કથી એક સ્ટીમર સર્વિસ આવતી અને પછી બે વાગે પાછી જતી - બીજો કોઇ વાહન-વહેવાર ન હતો.

ઘાયલ સૈનિકોને જીમીના હાસ્ય કાર્યક્રમમાં ખૂબ જ આનંદ આવ્યો. જેના બે હાથ અર્ધા કપાયા હતા તે પોતાના કપાયેલા હાથ ભટકાવી તાળી પાળતો હતો અને બીજો સૈનિક જેને એક હાથ હતો તે બાજુવાળાના હાથે હાથ ભટકાવી તાળી પાળતો હતો. એણે કાર્યક્રમ ચાલુ રાખવા વિનંતી કરી. ડ્યુરાંટને રેડિયો સ્ટેશન પર સાંજે રેકોર્ડીંગ હતું. મિત્રએ યાદ પણ અપાવ્યું કે જો બે વાગે સ્ટીમર નહીં પકડો તો રાત્રી રોકાણ થશે..

પણ જીમીએ કહ્યું, આવી હૃદયપૂર્વકની પ્રશંસા મને આજ સુધી મળી નથી એને હું અવગણી ન શકું... અને જીમી રાત રોકાઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# તોફાન કરવા માટેના વિશેષ સ્થાનો કયાં છે આપણી સોસાયટીમાં? એવી કોઇ જગ્યા છે કે જયાં બાળકો એમને મનગમતું બધું કરી શકે? ઘરે માબાપ ના પાડે, શાળામાં શિક્ષકો શિસ્તનો આગ્રહ રાખે, બીજા કોઇને ઘેર તો ડાહ્યા-ડમરા જ રહેવું પડે... અરે, એ તો ભણવાની સાથે આવા નાના નાનાં તોફાનો કરે, એ મોટી ચિંતાની વાત નથી

## નટખલ નિરાલી
### (બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ)
## તમે નિરાલીને ઓળખો છો?

- પ્રજ્ઞા એ. પટેલ

સ્કૂલમાં રિશેષનો સમય છે.

રોજની આદત મુજબ સ્ટાફ રૂમમાં શિક્ષકો બેઠાં બેઠાં વાતો કરી રહ્યા છે. થોડે દૂર બાળકો રમતાં, દોડતાં, કોઇ નાસ્તો કરતાં, કોઇ શાંતિથી બેઠેલાં દેખાઇ રહ્યા છે. શિક્ષકો પણ પોતપોતાના ગ્રુપમાં આજુબાજું ગોઠવાયેલા છે. જાતજાતની વાતો, વાતોનાં વિષયો પણ કેવા કેવા! મોહનભાઇ ને માધવન શેર છે, તો દિપાલીને તરૂણભાઇ ગણિત - વિજ્ઞાનના બદલાયેલા કોર્સની, તો મનિષા ને નેહલબેન પોતાપોતાના પરિવારની, સુકેતુ ને હિરલબેન વેકેશનમાં કયાં ફરવા જવું તેની વાતો કરી રહ્યાં છે.

'તમે નિરાલીને ઓળખો છો?' દિપાલીએ હિરલને પુછ્યું.

'નિરાલી? એ વળી કોણ? નવાં શિક્ષિકા આવ્યાં છે?' હિરલ.

'અરે... નિરાલી... ન ઓળખી? ધોરણ-૫(બ) માં છે ને....'

'ના, મારે પાંચ (બ)માં પિરીડિય નથી હોતાં.... ' હિરલ બોલી.

'હં, શું તે નિરાલીનું? અત્યારે નિરાલીને કેમ યાદ કરી?' મનિષાએ બે શિક્ષિકાની વાતમાં રસ લેતાં પુછ્યં.

'બહુ તોફાની છોકરી છે' દિપાલીએ કહ્યું.

'બાળકો તો તોફાની જ હોય ને! એમાં નવી વાત શું છે?' મનિષાએ નિરાલીનો બચાવ કર્યો.

'અરે, પણ નિરાલી તો બહુ વધારે તોફાની ને અલ્લડ છોકરી છે...' મોહનભાઇ પણ એમની વાતમાં જોડાય!

'પણ એણે શું કર્યું એ તો કહો...' મનિષા.

'એ પહેલાં મારા કલાસમાં હતી, મારા કલાસમાં સંખ્યા વધુ હતી એટલે મેં એને ૩ (બ) માં મોકલી... મારા કલાસમાં રોજ કંઇ ને કંઇ તોફાન કરે... ચાલુ કલાસે વાતો કરે, ગીત ગાવાનું શરૂ કરે તો બંધ થાય જ નહીં. એક વાર તો દફતરમાં બિલાડીનું બચ્ચું લઇ આવેલી... દફતર ખોલ્યું અને પેલું બચ્ચું બહાર નીકળી ગયું ને કલાસમાં જે ધમાલ મચી ગયેલી...' મોહનભાઇએ નિરાલીનાં નખરાં વર્ણવ્યા.

'તમારા કલાસમાંથી એ મારા કલાસમાં આવેલી, પણ મેં તો આચાર્યને કહીને મારી જ બીજા વર્ગમાં બદલી કરાવી દીધી. એ રોજ દફતરમાં ઢીંગલા-ઢીંગલી ને રમકડાં લઇ આવે. નોટ કાઢવા જાય, એટલે રમકડાં દફતરમાં બહાર પડી જાય... પછી તો ચૂં... ચૂં... ચીંચીં.... ઢીંગલા-ઢીંગલીની સંગીતસભા શરૂ થાય... કંપાસ બોક્સમાં પતંગિયા લઇ આવે... બધાંને બતાવે, બીજાની ઉપર છોડે... બાર રે... નિરાલી તો નિરાલી જ હોં... મં તો કલાસ જ બદલાવી દીધો...' દિપાલી.

'તે તમે બાળપણમાં બહુ ડાહ્યા ડમરા હશો, ખરું? તમે એટલે આપણે બધાં જ??' મનિષાએ હળવેથી પુછ્યું.

'ના, ના, એવું નથી. આજે તો એ કલાસ રૂમમાં ગુલાબનો આખો છોડ લઇ આવેલી... મને કહે, ટીચર તમારા માટે છે... હું લેવા ગઇ ને છોડ હતો તે કૂંડું - એનું તળિયું ભફ કરતું મારા પગ પર... મારા કપડાં માટી માટી... બધાં છોકરા છોકરી એવા તો હસી પડેલાં....' નેહલે પોતાની વાત કરી.

'સમજીએ છીએ, બાળક હોય તો તોફાન તો કરે... પણ આ તો ગજબનાં તોફાન મસ્તી કરે છે, પણ છોકરી છે ખૂબ હોંશિયાર. સમજાવીએ તો પાછી માની જાય, ભાવુક પણ એવી જ છે...' હીરલે વાતને જુદો વળાંક આપ્યો.

'છે તો પાછી વહાલી લાગે એવી... એની ભોળી ભોળી આંખો, નીતર્યા જળ જેવો પારદર્શક ચહેરો, પવનના સંગે ડોલતી ડાળીઓ જેવું એનું શરીર... મન પણ એવું જ હોં, જેમ વાળીએ એમ વળે...' તરૂણભાઇને પણ નિરાલીની વાતમાં રસ પડ્યો.

'અરે જવા દો ને, ખબર નહીં એનું મગજ જ કેવું ચાલે છે તે! આવા જાતભાતના તુક્કા અને કયાંથી સૂઝતા હશે, એનું જ મને તો આશ્ચર્ય થાય છે. એકવાર તો એમના કલાસમાં મારો પિરીયડ હતો, બારણેથી ખુરશીટેબલ - બ્લેકબોર્ડ સુધી જવાનો મારો રસ્તો રંગીન ચોકથી ચીતરેલો... એક વાર વળી પંખા પર ફૂલો મૂકી દીધેલાં. સ્વીચ બંધ.... હું કલાસમાં ગયો... બધાને ગરમી તો લાગતી જ હતી.. મેં કહ્યું, આજે બહુ ગરમી છે, નહીં? બધી છોકરીઓ ડાહી થઇને બોલી, હા, સર આજે બહુ જ ગરમી છે... નેં મેં જેવી પંખાની સ્વીચ ઓન કરી કે કલાસમાં ને મારા પર ફૂલોની વર્ષા થઇ...' માધવન સરે પોતાનો અનુભવ કર્યો.

'પાછું એને બેસવા તો બારી પાસે જ જોઇએ... બહાર આવતાં જતાં બધાને ટીકી ટીકીને જોયા કરે...' 'આકાશ, વાદળ, વૃક્ષ સાથે વાતો કરું છું.' આ તેનો જવાબ. શું કહેવું એને? એ ગમે તે તોફાન કરે, લેસન કદી બાખી ન હોય. અક્ષર પણ મોતીના દાણા જેવા. કલાસમાં લગભગ પહેલે નંબરે જ રહે. રમતગમત, ગીત, ગરબા, નાટક, ચિત્ર, નિબંધ - બધામાં એ ભાગ લે.' નેહલે નિરાલીના ગુણો યાદ કરી કહ્યાં.

'તમે ગમે તે કહો, પણ આટલાં બધાં તોફાનને વળી શાળામાં થયાં હશે? નિરાલી તોફાની તો ખરી જ, ખરી...' દિપાલી એની મૂળ વાત પર આવી.

'પણ તોફાન કરવા માટેના વિશેષ સ્થાનો કયાં છે આપણી સોસાયટીમાં? એવી કોઇ જગ્યા છે કે જયાં બાળકો એમને મનગમતું બધું કરી શકે? ઘરે માબાપ ના પાડે, શાળામાં શિક્ષકો શિસ્તનો આગ્રહ રાખે, બીજા કોઇને ઘેર તો ડાહ્યા-ડમરા જ રહેવું પડે... અરે, એ તો ભણવાની સાથે આવા નાના નાનાં તોફાનો કરે, એ મોટી ચિંતાની વાત નથી.' મનિષાએ તટસ્થ ભાવે કહ્યું.

'બધી વાતો ને બધા મુદ્દા છે તો વિચારવા - સમજવા જેવા.' તરૂણભાઇ હળવેથી બોલ્યા.

'હં નિરાલીને આપણે પ્રેમથી સમજવી જોઇએ, એની સાથે મોકળાશથી વર્તવું જોઇએ. એક વાર કોઇ કામે આચાર્યા બહેને એને બોલાવેલી, તે એક કલાક સુધી એણે અલકમલકની વાતો કર્યાં જ કરેલી... આચાર્ય બહેન પણ એને સાંભળીને વિચારમાં જ પડી ગયેલાં... બાળકો તો આવાં જ હોય, મારો દીકરો પણ આવો જ ચંચળ છે, સતત કંઇ ને કંઇ અડપલાં કર્યા જ કરે.' હિરલ પણ બોલ્યા વિના રહી ન શકી.

'તોફાની છે, પણ ખુબ ભાવુક છે. થોડા દિવસો પહેલા હું માંદી પડેલી. સ્કૂલમાં ચાર દિવસ નહોતી આવી. ત્રીજા દિવસે નિરાલી મારું ઘર શોધતા શોધતા આવી પહોંચેલી, એની મમ્મી પાસે જીદ કરેલી, મારાં દીપાલી ટીચરને તાવ આવે છે, મારે મળવા જવું છે... એ જાતે બનાવેલું કાર્ડ ને થોડા ફૂલો લઇ આવેલી. અડધો કલાક મારી પાસે એવી તો ઠાવકી થઇને બેઠી હતી... આમ પાછી પરાણે વ્હાલી લાગે એવી છોકરી છે...' દીપાલી.

બધા જ શિક્ષકો વાતોમાં હતા. કયારે બેલ વાગ્યો એનો અણસાર પણ ન રહ્યો.

'ટીચર, હું આવું?' સ્ટાફ રૂમના બારણામાં નિરાલી ઊભી છે.

'લો, નિરાલી આવી ગઇ, તોફાની ને વ્હાલી છોકરી...' મનિષા બોલી.

'ટીચર, તમારો પિરીયડ છે ને...' નિરાલી અચકાતાં બોલી,

'હા, હા... અમારે બધાંએ કલાસમાં પહોંચવું જોઇએ...'

બધા શિક્ષકો પોતપોતાના કલાસ તરફ ચાલ્યા.

# જયાં આરોપી રહેતો હોય ત્યાંજ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ૧૩૮ ની ફરીયાદ થાય : સુપ્રિમ કોર્ટ

## આવનાર દિવસોમાં વેપારીના ફસાયેલા નાણા પરત લેવા માટે વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે


નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ૧૮૮૧ની કલમ ૧૩૮ હેઠળ હવેથી જયાં આરોપી રહેતો હોય અથવા તો જે જગ્યાનો બેન્કનો ચેક આપ્યો હોય ત્યાંજ ચેર રીર્ટન થાય તો ફરીયાદ કરી શકાશે જયાંથી ભરેલ હોય તે જગ્યાએથી કરવામાં આવેલ ફરીયાદમાં પ્રોસેસ ઈસ્યુ થઈ ના શકે આ ચુકાદો જુના કેસો કે જે હાલમાં કોર્ટમાં પડતર હોય પણ સમન્સ ઈસ્યુ થયા ના હોય તેવા તમામ કેસને પણ લાગુ પાડવામાં આવશે સુપ્રિમ કોર્ટના આ વિવાદીત ચુકાદાની હવેથી વેપારીઓ પોતાના શહેરની બેન્કનો જ ચેક લેવાનો આગ્રહ રાખશે અથવા તો ડી. ડી. થી જ વહેપાર કરવો પડશે.

જસ્ટીસ રી. એલ. ઠાકુર, જસ્ટીસ સેન અને જસ્ટીસ નાગપ્પાની બેન્ચે ચુકાદો આપેલ છે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ફરીયાદમાં હકુમતના કારણો સ્પષ્ટ થયેથી અપીલો અને રીવીઝન સંદર્ભમાં હાલનો શકવર્તી ચુકદો જાહેર કરેલ છે જેનાથી વેપાર, ધંધા, રોજગાર ઉપર વિપરીત અસર થશે વેપારીને આપેલ ચેક પરત થાય તો જયાંથી ચેક ઇસ્યુ કરવામાં આવ્યો હોય ત્યાં જ ફરીયાદ કરવાની ફરજીયાત થતા વેપારી ધંધાદારી માણસો આવા ધક્કામાં પડવા કરતા ચેક લેવાનું જ બંધ કરી દેશે.

મલ્ટીનેશનલ અને કોર્મશીયલ સંસ્થાઓ દ્વારા આરોપીઓને સમન્સ વોરંટ કાઢી હેરાન કરવાના બદ ઈરાદાથી કાયદાનો દૂર ઉપયોગ થતો અટકાવવાના હેતુથી આ ચુકાદો ૧-૮-૨૦૧૪ ના રોજ સુપ્રિમ કોર્ટની બેન્ચે જાહેર કરેલ છે જેનાથી હુકમતના મુદ્દાસર કેટલીય ફરીયાદો ફરીયાદીને પરત કરવાની થશે અને અન્ય કોર્ટમાં દાખલ કરવા હુકમત ધરાવતી કોર્ટમાં ફરીયાદીએ જવું પડશે ન્યાય મેળવવા માટે ધરમ ધક્કા ફરીયાદીને જ થશે જેથી દૂરના સ્થળના નાની રકમના ચેકો સ્વીકારવાનું જ વેપારીઓ બંધ કરી દેશે.

### વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



મલ્ટીનેશનલ કંપનીઓ દ્વારા દિલ્હી અને મોટા શહેરોની કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ ફરીયાદ દાખલ કરવામાં આવતી ફરીયાદો તે શહેરોમાં ગુન્હો બન્યો છે તે કારણસર નહી પરંતુ તે શહેરોમાં મલ્ટીનેશનલ અને મોટી કંપનીઓની તથા કોર્મશીયલ સંસ્થાઓ દ્વારા એટલા માટે પસંદ કરવામાં આવે છે કે આરોપીને સમન્સ, નોટીસ મોકલી હેરાન કરી નાણા વસુલ કરવામાં આવે છે.

ઘણી વખત ચેક બાઉન્સ થતા ચેકના વ્યવહાર અંગે એક જ વ્યવહાર માટે જુદી જુદી હુકમત પસંદ કરવામાં આવતી હોય છે અને ખુબ દૂર રહેતા આરોપીને અન્ય શહેરની કોર્ટમાં બોલાવી ધક્કા ખવડાવતા ના ઈલાજે ના છૂટકે આરોપી નાણા ચુકવી દેતા હોય છે. અગાઉ ભાસ્કરનના ચુકાદાનો આધાર લઈ આવા ચેકો જે તે શહેરની બ્રાન્ચમાં ભરવામાં આવતા અને પરત થતા કેસો દાખલ કરવામાં આવતા આવી રીતે આરોપીને પરેશનીમાં મુકી નાણા ખંખેરી શકે નહી તેમ સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે ભાસ્કરનના ચુકાદાનો ઉપયોગ ફરીયાદી આરોપી ઉપર દમન કરવાના હથીયાર તરીકે કરી શકે નહી તે જોવાનું કામ કોર્ટનું છે.

સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદામાં નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટમાં કરવામાં આવતી હુકમતની તથા ક્રિમીનલ પ્રસીઝર કોડમાં જણાવેલ હુકમતની જોગવાઈઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. કાયદાની પ્રક્રિયાનો ફરીયાદી દ્વારા હથીયાર તરીકે ઉપયોગ કરવામાં આવે ત્યાં આ ચુકાદો લાગુ પાડવામાં આવશે. દિલ્હીની કોર્ટોમાં નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેની પાંચ લાખ ઉપરાંત ફરીયાદો પેન્ડીંગ છે. જેમાં આ ચુકાદાની અસર-વર્તારો અને હુકમના મુદ્દે આવી ફરીયાદ જે તે હુકમત ધરાવતી કોર્ટમાં દાખલ કરવા માટે ફરીયાદીને પરત આપવામાં આવશે.

આવનાર દિવસોમાં વેપારીના ફસાયેલા નાણા પરત લેવા માટે વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે અગાઉ પણ અન્ય શહેરમાં સમન્સ બજવણી કરવામાં વિલંબ થતા આરોપી આ તકનો લાભ લેતા હતા વેપારી એસોસીએશન કે ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા આગામી દિવસોમાં આ ચુકાદો પડકારવામાં નહી આવે તો ઘણા વેપારીઓને આર્થિક નુકશાન સહન કરવું પડશે.

# રક્ષાબંધન એટલે ભાઈ બહેનનો અલૌકિક અને પવિત્ર ભાવનાનો તહેવાર

માનવજાતમાં માનો પ્રેમ અને શુશ્રુષા બીજું કોઇ જ દાખવી ન શકે. માતૃપ્રેમ પછી જગતમાં ભગિની પ્રેમનું સ્થાન છે. આ બે સંબંધોની તોલે જગતમાં બીજો કોઇ સંબંધ ન આવે. પિતા-પુત્ર, ભાઇ-ભાઇ, પતિ-પત્ની વગેરેના પ્રેમમાં માત્ર સ્વાર્થ હોય છે. જયારે માતૃપ્રેમ અને ભગિની પ્રેમ નિઃસ્વાર્થ, નિષ્કલંક અને પવિત્ર હોય છે. એ પ્રેમની કેળવણી, જ્ઞાન, ધન કે બીજી કોઇ વસ્તુ સાથે સંબંધ નથી. શહેરી કે ગામડીયણ, ભણેલ કે અભણ પ્રત્યેક માતા અને બહેનના હૃદય મધ્યે બાળક અને ભાઇ નિઃસ્વાર્થ પ્રવિત્ર પ્રેમ જ હોય છે.

ભાઇ-બહેનના પવિત્ર સ્નેહ માટે આપણી ધર્મ-સંસ્કૃતિએ બે તહેવારોની ઉજવણી પણ રાખી છે. ભાઇબીજ અને બળેવ. ભાઇબીજને દિવસે ભાઇ બહેનને ત્યાં જમવા જાય છે અને ભાઇ પોતાની શક્તિ પ્રમાણે બહેનની વીરપસલી ધરે છે જયારે બળેવને દિવસે બહેન ભાઇનેત્યાં આવે અને ભાઇને રાખી બંધી શુભ અને દિર્ધાયુ ઇચ્છે છે. ભાઇ યથાસક્તિ હૃદયપૂર્વકની લાગણીથી પોતાની ભેટ ધરે છે. બહેન કેવળ ભાઇના સ્નેહની જ ભૂખી હોય છે. એ તો ભાઇને ફક્ત એટલું જ કહે છે... "ભૈયા મોરે રાખી કે બંધન કો ભુલાના" 'ભારતના ઇતિહાસમાં મુગલ રાજા હુમાયુ અને રાજપૂત રાણી કર્ણાવતીના રક્ષાબંધનનો પ્રસંગ ભાઇ-બહેનના હેત માટે

## ભૈયા મેરે રાખી કે બંધન કો ન ભૂલાના...

- આલેખન : કૌશિક એન. ભટ્ટ

જાણીતો છે. કર્ણાવતીએ મુગજ રાજા હુમાયુને રાખડી મોકલી પોતાનો ધર્મનો ભાઇ બનાવ્યો અને એ રાજા ધર્મ, જાતિ અને દેશના ભેદ ભૂલીને બહેનની મદદે દોડી ગયો હતો.'



આપણા અર્વાચીન કવિઓ - ઝવેરચંદ મેઘાણી, ન્હાનાલાલ અને બોટાદકરે તથા પ્રત્યેક ભાષાના સાહિત્યકારોએ ભાઇ-બહેનના નિઃસ્વાર્થ પ્રેમ માટે ઘણું ઘણું લખ્યું છે. લોક સાહિત્યમાં ભાઇ-બહેનના હેત માટે હૃદયને સ્પર્શી જાય એવા ઘણાં ગીતો પણ મળી આવે છે.

વહાલી બેનડીના મુખમાંથી નીકળતા શબ્દો, "ખમ્મા વિરાને જાઉં વારણે રે લોલ" સાંભળી કયા ભાઇનું હૃદય નિઃશ્વાર્થ પ્રેમથી નહિ સમાતું હોય? બહેનના આશિષ માટે એનો વિરો આપી આપીને પણ શું આપવાનો? વિશ્વની કોઇ પણ અમુલ્ય ભેટ પણ બહેનના પવિત્ર સ્નેહ પાસે તુચ્છ જ ગણાય.

આ અલૌકિક, નિઃસ્વાર્થ અને હૃદયનાં તાંતણે બંધાયેલા હર્યાભર્યા ભાઇ-બહેનના હેતના વર્ણન માટે તો જગતના મહા કવિઓ પોતાની કલમ ચલાવે તોય તેમાં અપૂર્ણતા જ રહેશે. વિશ્વના પ્રત્યેક ભાઇ માટે આ પવિત્ર રક્ષાબંધનનો તહેવાર જીંદગીના નિઃસ્વાર્થ પવિત્ર પ્રેમનું ઝરણું અને સંભારણું બની રહે છે.

# અત્યાર સુધી તેના તરફથી બહેનને કરેલ અન્યાય ના પ્રાયશ્ચિત રૂપે અમે અગાઉથી જાણ કર્યા સિવાય સહકુટુંબ આજે આવ્યા છીએ, આશા રાખીએ કે તું તારા ભાઈને માફ કરીશ

## રક્ષાબંધન અમુલ પરિવર્તન

- નિરંજન ઓઝા

ભાવનગર શહેરની નજીક સાવરકુંડલા આવેલું છે, જયાં શારદા ગ્રામભારતી શાળામાં અજીતરાય છેલ્લા ૧૮ વર્ષથી સંગીત શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે, તેમના હાથ નીચે સંગીતની તાલીમ મેળવેલ વિદ્યાર્થીઓ ભાવનગર શહેરમાં સંગીતના કાર્યક્રમો આપતાં થઇ ગયા છે. આવા સંગીત શિક્ષક અજીતરાયને સંતાનમાં મોટો દીકરો અક્ષય અને દીકરી આરતી તેમની જ સ્કુલમાં અભ્યાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાં, સ્કુલ લેવનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ભાઇબહેન ભાવનગરની કોલેજમાં આગળ અભ્યાસ કરી રહ્યા છે, ત્યાં પણ સંગીતનો પ્રભાવ પાથરતાં રહ્યા છે. કોલેજનાં વાર્ષિક કાર્યક્રમ હોઇ કે અન્ય કાર્યક્રમ હોઇ પ્રાર્થના તો ભાઇબહેન જ રજૂ કરતાં. ભાઇ-બહેનનો પ્રેમ અને લાગણી એટલાં બધાં કે એક બીજા વિના જમે નહિ અને નાસ્તો પણ કરે નહીં. બંને સાથે હોઇ ત્યારે જ નાસ્તો તેમજ જમણ કરતા.

અજય અને આરતી વચ્ચેનો ફક્ત ત્રણ વર્ષનો જ ગાળો હતો તેથી અજીતરાયે બંનેનાં પ્રસંગો સાથે જ ઉજવવાનું નક્કી કર્યું હતું કે જેથી ખર્ચ અને અન્ય બાબતોમાં બેવડા ખર્ચ થાય નહિ. બંનેના સાસરીયાં પણ ભાવનગરમાં જ ગોત્યા હતા. લગ્નોત્સવ ધામધૂમથી તેમજ ગજા પ્રમાણે ઉજવવાનો આનંદ હરખ ઘણાં જ સમય સુધી માતો ન હતો. તે દરમિયાન ત્રણ વર્ષ થયા હશેને અજીતરાયનું અવસાન થાય છે. વડીલના અવશાન પછી વડીલો પારજીત મિલકતોના હિસ્સામાં ભાઇબહેનને સરખે ભાગે ભાગ પાડતાં, બહેન આરતી તેનો ભાગ સ્વીકારે છે જે ભાઇ અક્ષયને યોગ્ય લાગતું નથી તે વિચારે છે કે બહેનના સાસરીયા પૈસે ટકે સુખી છે તેમ છતાં બહેને ભાગ સ્વીકારવાની શી જરૂર પડી? આપણે જાણીએ છીએ કે 'જર, જમીન અને જોરૂં કંકાશનાં ભેરૂ' એ પ્રમાણે અક્ષયના મનમાં પણ દ્વિધાની શરૂઆત થાય છે જેને લીધે અવારનવાર બહેનને લખાતાં પત્રો ઓછા થવા લાગ્યા, ત્યાં જવા-આવવાનું પણ ઓછું થવા લાગ્યું, જે પ્રેમ-લાગણી ભાઇબહેનને હતી તેમાં ઓટ આવવા લાગ્યો. અક્ષય છેલ્લાં ત્રણ વર્ષથી ભાઇબીજ કે રક્ષાબંધનના પવિત્ર દિવસે જવાનું પણ ટાળવા લાગ્યો. આ આવેલ ઓટ, બહેનનાં મન ઉપર આવ્યા વિના રહેતું નથી. દરેક ભાઇબીજ કે રક્ષાબંધનના દિવસે તે ભાઇને અચુક યાદ કરતી અને વિરો જરૂરથી આવશે. તેની રાહમાં રહેતી તે થગારી નીવડતી આ બધું, આરતી સ્વીકારી લેતી અને આટલો બધો બદલાવ સાને લીધે ભાઇમાં આવ્યો હશે તે વિચારતી?

પરંતુ થોડા સમય પછી અક્ષયનાં સસરાનું અવસાન થાય છે ત્યારે તેના ઘરે પણ ભાઇ-બહેનના મિલકતોમાં ભાગલાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અક્ષય તેની પત્નીને તેનો ભાગ નહિ સ્વીકારવાની સલાહ આપે છે કારણ કે તે આર્થિક રીતે સધ્ધર હોવાથી તેની જરૂરત નથી તેમ તે માનતો હતો પરંતુ તેની પત્ની ભવિષ્યનો પોતાના પરિવારનો વિચાર કરી, તેનો ભાગ સ્વીકારે છે. આ બાબતે હવે અક્ષય વિચારતો થઇ ગયો, મનોમન તેને હવે થાય છે કે પોતાની બહેનને આવેપ વારસાનો ભાગ સ્વીકાર્યો તે પગલું યોગ્ય લાગ્યું કારણ કે દરેક પત્ની પોતાના પતિના ભવિષ્યના આર્થિક બાબતોનો વિચાર કરતી હોય છે, આથી પોતાની બહેનને અત્યાર સુધી કરેલ અન્યાય અંગે દુઃખ સાથે પસ્તાવો વ્યક્ત કરે છે અને તેનું પ્રાયશ્ચિત કરવા, પોતાના કુટુંબ સાથે, આગામી રક્ષાબંધન પોતાની બહેનને ત્યાં ઉજવવાનું નક્કી કરે છે. બહેનને સરપ્રાઇઝ આપવા રક્ષાબંધનના દિવસે અગાઉથી જાણ કર્યા સિવાય પહોંચી જવાનું નક્કી કરે છે. તદાનુસાર બહેનને ઘરે પહોંચાવાની સાથે ડોરબેલ વગાડે છે, બહેને બારણું ખોલતાં પોતાના ભાઇને સહકુટુંબ આજના રક્ષાબંધનના દિવસે આવેલો જોઇ, આંખમાંથી હર્ષના આંસુ સરી પડે છે અને તેને આશ્ચર્ય થાય છે કે આ સ્વપ્ન છે કે હકીકત? જયારે ભાઇ અંદર આવવાનું પુછે છે ત્યારે તંદ્રામાંથી જાગૃત થાય છે. ભાઇને પગે લાગી અંદર આવવા આવકાર આપે છે.

આરતીએ દરેક વખતની જેમ રક્ષાબંધનની અગાઉથી તૈયારી કરી રાખેલ હતી તેથી રક્ષાબંધનની વિધિ પૂર્ણ કર્યા પછી, ભાઇ શરમાતાં શરમાતાં સ્પષ્ટતા કરે છે કે તેની પત્નીના અનુભવ ઉપરથી પોતાની બહેને ભાગ સ્વીકાર્યો તે મોડે મોડે તેને યોગ્ય લાગે છે. અત્યાર સુધી તેના તરફથી બહેનને કરેલ અન્યાય ના પ્રાયશ્ચિત રૂપે અમે અગાઉથી જાણ કર્યા સિવાય સહકુટુંબ આજે આવ્યા છીએ, આશા રાખીએ કે તું તારા ભાઇને માફ કરીશ. આ સાંભળી, આરતી ભાઇને કહે છે કે રક્ષાબંધનને દિવસે ભાઇએ તો બહેનને ત્યાં આવવાનો અધિકાર છે તેથી મારે મોટાભાઇને માફ કરવાના રહેતા નથી.

આમ, આજે ખૂબ જ હર્ષ અને ઉલ્લાસ સાથે ભાઇમાં આવેલ 'અમુલ પરિવર્તન' ને લીધે પવિત્ર રક્ષાબંધનની ઉજવણીનો આનંદ ભાઇ-બહેન માણી રહ્યા છે.